JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION

BRASS CITY · ESTD : 1948 · 75 YEARS PLATINUM JUBILEE

Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri, Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 · +91 94264 92698
jfoaj@yahoo.com, jfoajam@gmail.com
www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application
jfoa_jamnagar

૨૩/૦૧૬ પ્રેસનોટ રવિવાર, ૧૭મી મે ૨૦૨૬

## જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા યોજાનાર "બ્રાસ મેક ભારત–૨૦૨૭" ટ્રેડફેરનું લોન્ચીગ સાંસદ માનનીયશ્રી પુનમબેન માડમના વરદહસ્તે સંપન્ન થયું.

જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા આગામી તા.:–૧૮ થી ૨૦ માર્ચ ૨૦૨૭ દરમ્યાન બોમ્બે એકઝીબીશન સેન્ટર, નેસ્કો, મુંબઈ ખાતે યોજાનાર "બ્રાસ મેક ભારત–૨૦૨૭" ટ્રેડફેરનું લોન્ચીગ ગત તા.:–૧૬/૦૫/૨૦૨૬ ને શનિવારના રોજ જામનગર તથા દેવભૂમિ દ્વારકાના લોકલાડીલા સાંસદ માનનીય બહેનશ્રી પુનમબેન માડમના વરદ હસ્તે, સુમેર સ્પોર્ટસ કલબ, જામનગર ખાતે યોજવામાં આવેલ હતું. આ પ્રસંગે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદના રીજીયોનલ સેક્રેટરીશ્રી બિપેન્દ્રસિંહ જાડેજા, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી રમણિકભાઈ પી. અકબરી, જીઆઈડીસી પ્લોટ/શેડ હોલ્ડર્સ એસોસીએશનના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલ, વિવિધ સંસ્થાઓના હોદેદારશ્રીઓ,કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તથા ઉદ્યૌગકારમીત્રો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.

સમારંભની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઈ એ. ગઢીયાએ તેમના સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત તમામને આવકારી ટ્રેડફેર મુંબઈ રાખવા પાછળનું પ્રયોજન જણાવેલ કે મુંબઈ એ ભારતનું અગ્રણી વ્યાપારિક અને ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી જામનગરના બ્રાસઉદ્યોગકારોને નવા ગ્રાહક મેળવવા તથા નિકાશની તકો વધારવા, અત્યાધુનિક ટેકનોલોજી અને બજારના નવા ટ્રેન્ડસ અંગેની માહિતી પ્રાપ્ત કરવા તેમજ પોતાના ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવાની સાથોસાથ ઉદ્યૌગકારોને બ્રાન્ડ વિઝિબિલિટી, માર્કેટ એક્સપોઝર, અને બિઝનેશ એક્સપાન્શન માટે વિશાળ પ્લેટફોર્મ પ્રાપ્ત થશે જેનાથી નજીકના ભવિષ્યમાં નવા ઓર્ડર, વ્યાપારિક સહકાર અને ઉદ્યૌગોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે અને દેશ–વિદેશના ખરીદદારો, આયાતકારો, ડીલર્સ,ઈન્ડસ્ટ્રીયલ પ્રતિનિધિઓ સાથે સીધી વ્યાવસાયીક મુલાકાત અને નેટવર્કીંગની ઉતમ તક ઉપલબ્ધ થશે. વિશેષમાં તેઓશ્રીએ જામનગરના બ્રાસઉદ્યૌગકારોને આ ટ્રેડફેરના માધ્યમથી તેમના ઉત્પાદનો વૈશ્વિક બજાર સમક્ષ મુકવાની તક મળશે.

આ પ્રસંગે બ્રાસ મેક ભારત ટ્રેડફેર ૨૦૨૭ ના પ્રોજેક્ટ ચેરમેનશ્રી જીગ્નેશભાઈ બી. લાવટીએ ટ્રેડફેરના આયોજન વિશે તલસ્પર્શી માહિતી આપી, આ સમગ્ર આયોજન માટે રચાયેલ કમીટીની ઓળખાણ આપી હતી.

ત્યારબાદ બ્રાસ મેક ભારત ટ્રેડફેર ૨૦૨૭ ના ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના સીઈઓ શ્રી સાનયાલભાઈ દેસાઈએ તેમના વકતવ્યમા જણાવેલ કે આ ટ્રેડફેરનો લાભ જામનગરના ઉદ્યોગકારમીત્રોને મળી રહે તે માટે ભારત સરકારશ્રીના MSME તથા અન્ય વિભાગોનો સહયોગ મેળવી જયાં બ્રાસપાર્ટસની મોટાપાયે નિકાશ/વેચાણ કરવામાં આવે છે ત્યાંના રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખરીદદારો આ એકઝીબીશન દરમ્યાન ઉપસ્થિત રહે અને બાયર–સેલર મીટ ગોઠવવામાં આવે તે માટે તથા ખાસ કરીને ભારત સરકારના સંરક્ષણ, રેલ્વે, શીપીંગ, મરીન, ટ્રાન્સપોર્ટ, ઉર્જા, ભારે ઉધોગો, રાજય પરિવહન વિગેરે સાહસો આ એકઝીબીશનમાં ભાગ લે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. આ ટ્રેડફેર દરમ્યાન વેન્ડર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, બી ટુ બી મીટીંગ યોજવાનું તથા ઔધૌગિક એકમો માટે લાભદાયી યોજનાઓ માટે વિવિધ વિષયો પર સેમીનારો યોજવાનું પણ આયોજન છે.

ત્યારબાદ આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત જામનગર તથા દેવભૂમિ દ્વારકાના લોકલાડીલા સાંસદ માનનીય બહેનશ્રી પુનમબેન માડમના વરદ હસ્તે "બ્રાસ મેક ભારત–૨૦૨૭ નું લોન્ચીંગ કરવામાં આવેલ હતું. લોન્ચીંગ બાદ માનનીય બહેનશ્રી પુનમબેન માડમે તેમના વકતવ્યમાં ટ્રેડફેરના સુંદર આયોજન બદલ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનના હોદેદારશ્રીઓ તથા ટ્રેડફેર કમિટિના સભ્યોને અભિનંદન પાઠવી આ ટ્રેડફેરના આયોજનમાં જયાં પણ સહયોગની જરૂરીયાત હોય ત્યાં સહયોગ આપવા તત્પરતા દાખવી રાજય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રીના MSME વિભાગને લગતી વિવિધ સહાય યોજના હેઠળ આર્થિક સહયોગ મળી રહે તે માટે પ્રયત્નો કરવા ખાતરી આપી હતી.

ત્યારબાદ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનના પ્રમુખશ્રી રામજીભાઈ એ. ગઢીયા, ઉપપ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કે. જોશી, માનદમંત્રીશ્રી મેહુલભાઈ જોબનપુત્રા, સહમંત્રીશ્રી બિપીનભાઈ એ. સોરઠીયા, ખજાનચીશ્રી હર્ષદભાઈ પી. પણસારા, ઓડીટરશ્રી અશોકભાઈ આર. સોલંકી, એડીટરશ્રી રાજુભાઈ એમ. ગાગીયાના વરદહસ્તે માનનીય બહેનશ્રી પુનમબેન માડમને મેમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમનું સફળ સંકલન માનદમંત્રીશ્રી મેહુલભાઈ જોબનપુત્રાએ કરેલ જયારે સમારંભની આભાર વિધિ સંસ્થાના ઉપપ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કે. જોશીએ કરેલ હતી. જયારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રચાયેલ "બ્રાસ મેક ભારત–૨૦૨૭" કમિટીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.




(મેહુલ ડી. જોબનપુત્રા)
માનદમંત્રી